| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૮ | ૦૬ | ૨૦૨૧ |
| દાખલ તારીખ | ૧૮ | ૦૬ | ૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૨૭ | ૦૩ | ૨૦૨૫ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૦૯ | ૦૯ | ૦૩ |

આંકઃ– ૨૬

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર સાહેબશ્રી સમક્ષ, મુ. અમદાવાદ**

**રેફરન્સ (એલ.સી.એ.) નં. : ૩૪૫/૨૦૨૧**

**પ્રથમ પક્ષકાર : (૧) એફકોન ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ**
ઠેકાણુઃ– મેટ્રો સ્ટેશન, કાલપુર,
મીટર ગેજ રોડ, સરસપુર, આર.સી.ટેકનીકલ સ્કુલ પાછળ,
પ્લેટ ફોર્મ નં.૧૨ સામે, અમદાવાદ રેલ્વે સ્ટેશન, સરસપુર, અમદાવાદ.

**(૨) શ્રી સંતોષ શર્મા સાહેબ,**
એડમીન હેડ ઈન્ચાર્જ, મેગા કંપની,
મેટ્રો સ્ટેશન, કાલુપુર મીટર ગેજ રોડ, સરસપુર,
આર.સી.ટેકનીકલ સ્કુલ
પાછળ, પ્લેટફોર્મ નં.૧૨ સામે, અમદાવાદ રેલવે સ્ટેશન, સરસપુર,
અમદાવાદ.

**(૩) યશ સિકયુરીટી સર્વિસ,**
ભરતસિંહ હાવડા,
૨૬, વ્રજભુમિ એપાર્ટમેન્ટ, ન્યુ નરોડા, અમદાવાદ.

**: વિ રૂ ધ્ધ :**

**બીજા પક્ષકાર :– મકવાણા કિરીટકુમાર ત્રિભોવનદાસ,**
ઠેકાણુઃ– ૧૭૫૫/૭, બાઈ મોતીની ચાલી, (પીઠાવાળી ચાલી)
મનીયાર વાડા પાછળ, ગોમતીપુર, અમદાવાદ.

બાબત :– **ઔદ્યોગિક વિવાદ અધિનિયમ,૨૦૧૦ અન્વયેનો રેફરન્સ.**

**પ્રથમ પક્ષ.નં.૧–૨ તરફે :– વિ. વકીલ શ્રી આર.આર.શાહ**

**પ્રથમ પક્ષ.નં.૩ તરફે :– વિ. વકીલ શ્રી ––**

**બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધી શ્રી એસ.કે.કાઝી**

**–: એવોર્ડ :–**

(૧) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદની કચેરીના પત્ર ક્રમાંક: નાશ્રઆ/અવિ/વિભાગ–૨ /આઈડીઆર નં.૩૨૧/વર્ષ ૨૦૨૧/૧૭૯૮૨. તા.૧૮/૦૬/૨૦૨૧ થી ઔદ્યોગિક વિવાદની કલમ ૧૦(૧)(સી) અન્વયે ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલતને મોકલી આપવામાં આવેલ છે. જેની અનુસુચિમાં જણાવ્યા મુજબ અરજદારને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારોને હવે પછી **સામાવાળાઓ** તરીકે અને બીજા પક્ષકારાને **અરજદાર** તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ કામના મુળ અરજદારે **આંક–૭** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં વિગત એવી છે કે, સામાવાળા સંસ્થાઓનાં માલીક, વહીવટદાર તેમજ સંચાલનકર્તા એકજ વ્યકિત છે, જેમના ધ્વારા અરજદાર પાસે કામ લેવામાં આવતુ હતું. તેથી અરજદારના કોઈપણ કૃત્ય બદલ સામાવાળાઓ જવાબદાર છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળા સંસ્થાઓમાં છેલ્લ ૨ વર્ષથી કાયમી કામદાર તરીકે સીકયુરીટીના હોદ્દા ઉપર માસીક પગાર રૂા.૧૨,૦૦૦/– થી ઘણા ખંત, નિષ્ઠા, પ્રમાણિકતા અને વફાદારીપૂર્વક નોકરીની ફરજો બજાવતા હતા, પક્ષકારો વચ્ચે કામદાર–માલીકનાં સંબંધો છે, નોકરીના સમગ્ર સમયગાળા દરમ્યાન અરજદારે કોઈપણ જાતનો ગુન્હો કે ગેરવર્તણૂક કરેલ નથી અને આમ, અરજદારનો નોકરીનો તમામ રેકર્ડ તદ્દન ચોખ્ખો અને ડાઘ રહિતનો હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળાઓએ અરજદારને મળવા પાત્ર હકકો અને લાભો ન ચુકવતાં ન હતાં, જેની માંગણી કરતાં સામાવાળાએ ન આપતાં અરજદાર યુનીયનમાં જોડાયેલા અને યુનીયન મારફતે હકકો લાભોની માંગણી કરેતા સામાવાળાઓએ અરજદારને યુનીયન છોડી દેવા તેમજ તમામ માંગણીઓ ભુલ જવા ધમકીઓ આપતા હતા જે અરજદારે સ્વીકારેલ નહીં જેથી

સામાવાળાઓ ઉશ્કેરાઈ કિન્નાખોરી રાખી અરજદાર કામદારના કોઈપણ જાતનાં વાંક કે ગુન્હા વગર અરજદાર કામદારને અગાઉથી કોઈપણ જાતની શો કોઝ નોટીસ, ચેતવણી નોટીસ કે મેમો આપ્યા વિના કાયદાકીય પ્રક્રિયા અનુસર્યા વિના અરજદારને તા.૦૯/૦૧/૨૦૨૧ ના રોજથી નોકરીમાંથી છુટા કરી બેકારીનાં ખપ્પરમાં હોમી દિધેલ છે, નોકરીમાંથી છુટા કરતા સમયે અરજદારનો બાકી પગાર કે કોઈપણ જાતના લીગલ ડયુઝ ચુકવી આપેલ નથી અને મૌખીક હુકમથી છુટા કરેલ છે જેથી અરજદારે મદદનીશ મજુર કમિશ્નરશ્રી સમક્ષ રેફરન્સ કરેલ જયાં અરજદારને ફરીથી નોકરીએ રાખવાનું જણાવી અરજદાર સાથે છેતરપીંગી કરી સમાધાન કરાવેલ ત્યારબાદ અરજદારે પોલીસ સ્ટેશમાં, ઉદ્યોગ ભવન, ગાંધીનગર તથા મુખ્યમંત્રીશ્રી, ગાંધીનગર, વડાપ્રધાન તેમજ ગૃહમંત્રી પાસે લેખીત ફરીયાદ કરેલ છે, ત્યાંથી જવાબો પણ આવેલ છતાં છતાં નોકરીએ ન રાખતાં હાલનો રેફરન્સ ઉદભવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળાએ નોકરીમાંથી છુટા કર્યા બાદ અનેક જગ્યાએ પ્રયત્નો કરવા છતાં નોકરી મળેલ નથી અને હાલમાં પણ બેરોજગાર હોવાનું જણાવેલ છે અને સામાવાળા નોકરી ઉપર રાખે તો પડેલા દિવસોના પગારની તકરાર ઉભી રાખી કામે જવા તૈયાર હોવાનું જણાવી માંગણાનાં નિવેદનના પેરા નં.૫ માં દાદા માંગેલ છે કે, (અ)સામાવાળાએ અરજદારને તા.૦૯/૧/૨૦૨૧ નાં રોજ નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવવા અરજ કરેલ છે. (બ)અરજદારને પડેલા દિવસોનાં પુરા પગાર સાથે તમામ આનુશાંગિક લાભો સાથે સળંગ નોકરી ગણી મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા હુકમ કરશોજી. (ક)રેફરન્સ ખર્ચ અપાવવા અરજ કરેલ છે. (ડ)નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તે અન્ય દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૪) સામાવાળા તરફે રજુ થયેલ જવાબ:-**

**(૪.૧)** સામાવાળા નં.૧-૨ તરફે **આંક-૧૩** થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારની હકીકતો ખરી ન હોઈ ઈન્કાર કરીએ છીએ. આવી માંગણી કરવા અરજદાર હકકદાર નથી. પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરતા જણાવેલ છે કે, તેઓ વચ્ચે નોકર માલીકનાં સંબંધો નથી. રેફરન્સને નોન જોઈન્ડર અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો તથા રેસ જયુડીકેટાનો બાધ નડે છે. વિશેષમાં જણાવેલ છે કે, તમામ સામાવાળાઓનાં માલીક અને વહીવટદાર એકજ નથી. અરજદાર તેમને ત્યાં બે વર્ષથી સીકયુરીટી તરીકે માસિક ૧૨,૦૦૦/- ના પગારથી કામ કરતા હોવાની હકીકત ખરી નથી. બાદમાં વિગતવાર માંગણાના નિવેદનની પેરા નં.૩,૪ તથા ૫ માં જણાવેલ

હકીકતોનો ઈન્કાર કરેલ છે અને અરજદારને પુરાવો રજુ કરી સાબીત કરવા જણાવેલ છે. સામાવાળા નં.૧–૨ ની મુખ્ય તકરાર એવી છે કે, અરજદાર સામાવાળા નં.૩ ના કામદાર હતા. અમોએ તેમને છુટા કરેલ નથી, ખોટી હકીકતો બેઠી કરીને રેફરન્સ કરેલ હોઈ જેથી અરજદાર કોઈ દાદ મેળવવા હકકદાર ન હોવાનુ જણાવી રેફરન્સ રદ કરવા જણાવેલ છે.

**(૪.૨)** સામાવાળા નં.૩ તરફે **આંક–૧૪** થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારની હકીકતો ખોટી છે. સાચી હકીકતો છુપાવેલ છે, ત્રાસ આપવાના ઈરાદે અરજી કરેલ છે અગાઉ શ્રમ આયુકતની કચેરીમાં સમાધાન થઈ ગયેલ છે જે મુજબ બાકી નિકળતી રકમ પણ ચુકવી આપેલ છે. અરજદારે સ્વહસ્તાક્ષરે તા.૬/૧/૨૦૨૧ ના રોજ રાજીનામું પણ લખી આપેલ છે કોઈ લેણુ બાકી રહેતુ ન હોવાનું સમાધાન કરાર કરી સહી સાખ કરાવી અનુક્રમ નં.૯૯૭/૨૦૨૧ થી નોટરી કરી આપેલ છે. સબબ રેફરન્સ રદ થવા પાત્ર છે. અરજદારે ખોટી હકીકત બેઠી કરી સત્ય હકીકત છુપાવી નામ.કોર્ટને ગેરમાર્ગે દોરેલ છે. અરજદારે શ્રમ આયુકતશ્રી સમક્ષ તેઓને કમી કરવાની અરજી આપતા તે ગ્રાહય રાખી રોજકામમાં પણ નોંધ કરવામાં આવેલ છે જેથી સામાવાળા નં.૩ સામે કોઈ કેસ બનતો નથી. અરજદાર સ્વૈચ્છિક રાજીનામું આપી છુટા થયેલા છે ત્યારબાદ તા.૯/૧/૨૧ ના રોજ ખોટી રીતે છુટા કર્યા તારીખ અને ખોટી હકીકત દર્શાવી ફરીયાદ કરેલ છે અંતે રેફરન્સ રદ કરવા જણાવેલ છે.

**(૫)** અરજદાર તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખીક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારનું જુબાની અંગેનું સોગંદનામું. | ૧૭ |
| ૨ | પઠાણ ઐયુબખાં અસ્ગરખાં સાક્ષીનું મૌખીક પુરાવા રૂપે એફીડેવીટ. | ૧૯ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા નં.૧ ને માંગણાનું નિવેદન મળ્યાની અસલ એકનોલેજમેન્ટ. | ૧૦/૧ |
| ૨ | સામાવાળા નં.૨ ને માંગણાનું નિવેદન મળ્યાની અસલ એકનોલેજમેન્ટ. | ૧૦/૨ |
| ૩ | સામાવાળા નં.૩ ને માંગણાનું નિવેદન મળ્યાની અસલ એકનોલેજમેન્ટ. | ૧૦/૩ |
| ૪ | રેફરન્સ કેસ નં.૧૮/૨૧ ના જાહેરનામાનો પત્ર | ૧૮/૧ |

| | | |
|---|---|---|
| ૫ | અરજદારે લેબર ઈન્સ્પેકટર સમક્ષ આપેલ સમાધાન પુરસીસની નકલ. | ૧૮/૨ |
| ૬ | અરજદારે રેફરન્સ કેસ નં.૧૮/૨૧ પરત ખેંચવા તા.૭/૧/૨૧ ના રોજ કેસ બોર્ડ ઉપર લેવાની આપેલ અરજી. | ૧૮/૩ |
| ૭ | અરજદારે રેફરન્સ કેસ નં.૧૮/૨૧ પરત ખેંચવા તા.૭/૧/૨૧ ના રોજ આપેલ વિડ્રો પુરસીસની નકલ. | ૧૮/૪ |

(૬) અરજદાર તરફે આંક – ૨૧ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૭) સામાવાળા તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખીક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | દેવડા ભરતસિંહ સનસિંહનું સામાવાળા નં.૩ તરફે મૌખીક પુરાવા રૂપે એફીડેવિટ. | ૨૩ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મદદનીશ કમિશ્નરશ્રીની કચેરીના રોજકામની નકલ. | ૧૫/એ |
| ૨ | પક્ષકારો વચ્ચેના સમાધાનની નકલ. | ૧૫/બી |
| ૩ | અરજદારનાં રાજીનામાની નકલ. | ૧૫/સી |
| ૪ | અરજદાર કામદારે સામાવાળાને ભરતસિંહ દેવડા, પ્રો. યશ સિકયુરીટી સર્વીસીસને ફરીયાદમાંથી રદ કરવા કરેલ અરજીની નકલ. | ૧૫/ડી |

(૮) સામાવાળા નં.૧–૨ તરફે આંક–૨૨ તથા સામાવાળા નં.૩ તરફે આંક –૨૪ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. બાદમાં સદર કામ દલીલો માટે લેવામાં આવેલ છે.

(૯) સદર કામે અરજદાર તરફે માંગણાનું નિવેદન તેમજ પુરાવાના સોગંદનામા મુજબની આંક–૨૫ થી લેખીત દલીલો કરવામાં આવેલ છે જેનો યથાસ્થાને ઉલ્લેખ કરવામાં આવશે. જયારે સામાવાળા સંસ્થા તરફે વિગતવારની મૌખીક દલીલો કરતા જણાવેલ છે કે

➔ હાલનાં અરજદારે સામાવાળા ત્રણેય સામે દાદ માંગેલ છે અને છુટા કર્યા તા.૦૯/૦૧/૨૦૨૧ જણાવેલ છે. આંક–૧૩ થી રજુ જવાબમાં અરજદાર સામાવાળા નં.૧–૨ ના

કામદાર નથી તેવી સ્પષ્ટ તકરાર ઉઠાવેલ છે. આંક–૧૪ થી રજુ જવાબમાં સામાવાળા નં.૩ નાએ તેઓની વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાનું તેમજ તેઓનું નામ શ્રમ આયુકત સમક્ષ કમી કરેલ હોવાની દલીલ કરેલ છે.

➔ આંક–૧૭ ની જુબાની તળે ઉલટ તપાસ ધ્યાને લેતાં અરજદાર સામાવાાળ નં.૩ ના કામદાર હોવાનું સાબીત થાય છે. સામાવાળા નં.૧–૨ સામે કોઈ દાદ મળવા પાત્ર નથી.

➔ અગાઉ કરવામાં આવેલ રેફરન્સ નં.૧૮/૨૦૨૧ હાલના સામાવાળા નં.૧ સામે કરવામાં આવેલ હતો કે જે સમાધાનથી વિડ્રો કરવામાં આવેલ છે. સદર રેફરન્સનો નિકાલ તા.૧૧/૧/૨૦૨૧ ના રોજ આંક–૫ થી હુકમ કરી કરવામાં આવેલ છે.

➔ કન્સીલીએશન પેપર્સમાં અનુક્રમ નં.૩૧ થી પરત ખેંચતો લેટર છે. જયારે અનુક્રમ નં.૩૩ થી સામાવાળા નં.૩ ને ડીલીટ કરતો પત્ર છે.

➔ હાલનો રેફરન્સ ખોટી રીતે પૈસા પડાવવા કરેલ હોય રદ કરવા જણાવેલ છે.

(૧૦) આ કામે ઉપરોકત પક્ષકારોના પક્ષ નિવેદનો, રજુ મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ, દલીલો તથા રેકર્ડ ઉપર ઉપલબ્ધ સામગ્રી ધ્યાને લેતાં આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧:** શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા સંસ્થાએ બીજા પક્ષકારને તા.૦૯/૦૧/૨૦૨૧ નાં રોજથી નોકરીમાંથી છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, મનસ્વી અને પ્રસ્થાપિત મજુર કાયદાઓની જોગવાઈઓ વિરૂધ્ધનો છે?

**મુદ્દા નં.૨:** શું આ કામના અરજદાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી દાદ મેળવવા હકકદાર થાય છે ?

**મુદ્દા નં.૩:** શું હુકમ ?

(૧૨) ઉપરોકત મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

**-: તા ર ણો :-**

(૧) નકારમાં

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ

**-: કા ર ણો :-**

**(૧૩) મુદ્દા નં.(૧) અને (૨) :-**

આ કામે મુદ્દા નં.(૧) અને નં.(૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ બિનજરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**(૧૩.૧)**આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ તબ્બકે ધી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ)કે જેમાં કામદારની વ્યાખ્યા કરેલ છે તેની કાયદાકીય જોગવાઈઓનો અત્રે ઉલ્લેખ કરવો જરુરી જણાય છે, જે નીચે મુજબ છે.

**કલમ-૨ (એસ) 'કામદાર'** એટલે ભાડેથી અથવા બદલો આપીને કોઈપણ શારીરિક, બિનકસબી, કસબી ટેકનીકલ શસ્ત્રક્રિયા, કારકુની અથવા સુપરવાઈઝરી કામ કરવા માટે કોઈ ઉદ્યોગમાં કામે રાખેલી (એપ્રેન્ટીસ સહિતની) કોઈપણ વ્યકિત, પછી તેની રોજગારની શરતો લેખિત હોય કે ગર્ભિત હોય અને કોઈ ઔદ્યોગિક તકરારના સંબંધમાં આ અધિનિયમ હેઠળના કોઈ કાર્યવાહીના હેતુઓ માટે તેમાં સદરહુ તકરાર અંગે અથવા તેને પરિણામે બરતરફ કરેલી, છુટી કરેલી અથવા છટણી કરેલી વ્યકિતઓનો અથવા તેની બરતરફી, રૂખસદ અથવા છટણીથી સદરહુ તકરાર ઉપસ્થિત થઈ હોય તે વ્યકિતઓનો સમાવેશ થાય છે પણ તેમાં નીચેની વ્યકિતનો સમાવેશ થતો નથી.

(૧) એર ફોર્સ એકટ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૪૫ મા) અથવા આર્મી એકટ, ૧૯૫૦ (સન ૧૯૫૦ ના ૪૬ મા) અથવા નેવી એકટ, ૧૯૫૭ (સન ૧૯૫૭ના ૬૨ મા ) ને અધીન હોય તે વ્યકિત,

અથવા

(૨) પોલીસ સેવામાં અથવા કોઈ જેલના અધિકારી અથવા બીજા કર્મચારી તરીકે નોકરી કરતી વ્યકિત, અથવા

(૩) મુખ્યત્વે વ્યવસ્થાપકીય અથવા વહીવટી હેસિયતમાં કામે રાખેલી વ્યકિત, અથવા

(૪) જેને સુપરવાઈઝરી હેસિયતમાં કામે રાખેલી હોય અને દર મહિને દસ હજાર રૂપિયાથી વધુ વેતન મેળવતી હોય અથવા તેના હોદ્દા સાથે જોડાયેલી ફરજો એવા પ્રકારની હોવાને કારણે અથવા તેમાં નિહિત થયેલી સત્તાને કારણે જે મુખ્યત્વે વ્યવસ્થાપકનાં કાર્યો બજાવતી હોય તે વ્યકિત.

**(૧૩.૨)**હવે એ બાબત નકકી કરવાની થાય છે કે, અરજદાર સામાવાળાના કામદાર હતા કે કેમ ?

**(૧૩.૨.૧)** સદર ચર્ચા શરૂ કરતા પહેલા સામાવાળાઓ તરફે કરવામાં આવેલ દલીલો મુજબ કન્સીલીએશન સમક્ષ થયેલ કાર્યવાહી રોજકામ તથા હુકમો તથા કાર્યવાહી દરમ્યાન રજુ થયેલ પત્ર વ્યવહાર ધ્યાને લેવો આવશ્યક જણાય આવે છે. હાલના કામે આંક–૧ થી મદદનીશ શ્રમ આયુકત ધ્વારા ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલતને રેફરન્સ કર્યા અંગેનો અસલ પત્ર છે કે જેમાં સદર એવોર્ડનાં મથાળે જણાવ્યા મુજબના ત્રણ સામાવાળાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. કન્સીલીએશન સમક્ષ કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ જોવામાં આવે તો સામાવાળા નં.૩ તરફે બે નકલમાં જવાબ રજુ હોવાનું નોંધવામાં આવેલ છે જેની નીચે **શ્રમ આયુકતશ્રીની** તથા હાલનાં અરજદારની સહી તથા તા.૩૦/૦૩/૨૦૨૧ નાંખવામાં આવેલ છે જેની નીચે એવી નોંધ કરવામાં આવેલ છે કે, ''પાછળથી અરજદારે સંસ્થા (૩)(યશ સીકયુરીટીને) પક્ષકાર તરીકે બાદ કરવાની અરજી રજુ કરેલ છે જેને ગ્રાહય રાખવામાં આવે છે જેની નીચે **શ્રમ આયુકતશ્રીની** તથા હાલનાં અરજદારની સહી તથા તા.૩૦/૦૩/૨૦૨૧ નાંખવામાં આવેલ છે. બાદમાં તા.૫/૪/૨૦૨૧, તા.૧૨/૪/૨૧ તથા તા.૨૮/૪/૨૧ તથા તા.૨૧/૬/૨૧ ના રોજકામમાં સામાવાળા નં.૧–૨ ને ગેરહાજર બતાવી તેમજ સામાધાન શકય ન બનતાં રેફરન્સ ન્યાય નિર્ણય માટે રીફર કરવાનું રોજકામ કરવામાં આવેલ છે જેની નીચે **શ્રમ આયુકતશ્રીની** તથા હાલનાં અરજદારની સહી તથા તારીખો નાંખવામાં આવેલ છે. આમ, શ્રમ આયુકતશ્રીએ પોતેજ સામાવાળ નં.૩ નું નામ અરજદારની

તા.૩૦/૩/૨૦૨૧ ની અરજીનાં આધારે કમી કરી તે અંગેની રોજકામમાં નોંધ કરેલ છે અને પોતાની તથા અરજદારની સહી પણ લેવામાં આવેલ છે બાદમાં મદદનીશ શ્રમ આયુકત શ્રી રાજેશ ડી. પટેલ ધ્વારા કરવામાં આવેલ રેફરન્સમાં સામાવાળા નં.૩ નું નામ દર્શાવેલ છે. આમ, તેઓની એક ભુલના કારણે સામાવાળા નં.૩ નાએ અત્યંત બીનજરૂરી રીતે સદર કેસમાં ચાર વર્ષ સુધી લડત આપવી પડેલ છે. વધુમાં અરજદાર પક્ષે પણ સદર બાબત જજમેન્ટ વેળા સુધી અત્રેની અદાલતના ધ્યાન ઉપર લાવેલ નથી. આમ, મદદનીશ શ્રમ આયુકતશ્રી ધ્વારા માઈન્ડ એપ્લાય કર્યા વિના રેફરન્સ ન્યાય નિર્ણય માટે રીફર કરવામાં આવેલ છે તેમજ અરજદારે પણ બદઈરાદા પૂર્વક હકીકતો છુપાવી સામાવાળા નં.૩ ને પરેશાન કરેલ છે. સદર ઘટનાની અત્યંત ગંભીરતા પુર્વક ટીકા સહિત હાલના જજમેન્ટમાં નોંધ કરવામાં આવે છે તેમજ સામાવાળા નં.૩ ને થયેલ માનસિક પરિતાપ, સમયનો વ્યય તેમજ તેઓને થયેલ ખર્ચ બદલ વ્યાજબી વળતર રૂપી ખર્ચ અપાવવો પણ ન્યાયોચિત જણાય આવે છે.

**(૧૩.૨.૨)** હવે કામદાર માલીકના સંબંધો અંગે જોવામાં આવે તો આ કામે અરજદાર તરફે રજુ આંક-૧૭ નાં સોગંદ ઉપરના પુરાવામાં પેરા નં.૧ માં આખર બે લીટીમાં જણાવેલ છે કે, ''*અરજદાર પાસેથી સામાવાળા નં.૧,૨,૩ ના વહીવટકર્તા દેખરેખ હેઠળ અમો બીજા પક્ષકાર પાસેથી કામ લેવામાં આવતુ હતું.*'' બાદમાં બીજા પેરા નં.૧ માં પ્રથમ બે લીટીમાં જણાવેલ છે કે, ''*અમો બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારોને ત્યાં બે વર્ષથી સીકયુરીટી ગાર્ડ તરીકે વફાદારી પૂર્વક અમારી ફરજો બજાવેલ.*'' આમ, પ્રથમ દ્રષ્ટીએ પક્ષકારો વચ્ચે કામદાર-માલીકનાં સંબંધો હોવાનું જણાય આવે છે. પરંતુ અરજદારની સામાવાળા નં.૧ તથા ૨ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ વંચાણે લેતાં અરજદારે કબૂલ રાખેલ છે કે, ''*હું એફકોન ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડમાં યસ સીકયુરીટીમાં સીકયુરીટી તરીકે ફરજ બજાવતો હતો. હું યસ સીકયુરીટીના કામદાર તરીકે કામ કરતો હતો. મને પગાર યસ સીકયુરીટી ધ્વારા ચુકવવામાં આવતો હતો. મારૂ પી.એફ. અને ઈ.એસ.આઈ. કપાતુ હતું. એ વાત ખરી છે કે, પી.એફ. અને ઈ.એસ.આઈ. કાપીને મને યસ સીકયુરીટી પગાર ચુકવતી હતી. એ વાત ખરી છે કે મને યસ સીકયુરીટીએ છુટા કરેલા.*'' આમ સ્પષ્ટપણે સાબીત થાય છે કે અરજદાર સામાવાળા નં.૩ ના કામદાર હતા. અરજદારે કયારેય પણ સામાવાળા

નં.૧–૨ ના કામદાર તરીકે કામ કરેલ હોવાનું કોઈપણ પ્રકારે રેકર્ડ ઉપર આવેલ નથી કે સાબીત થતુ નથી.

**(૧૩.૨.૩)** અરજદારે સામાવાળા નં.૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ વંચાણે લેતાં અરજદારે કબૂલ રાખેલ છે કે, ''*હું યસ સીક્યુરીટીનો કામદાર હતો. મેં યસ સીક્યુરીટીમાં ઓછામાં ઓછા ૨૩ માસ કામ કરેલુ છે. એ વાત ખરી છે કે મારે યસ સીક્યુરીટી પાસે સમાધાન થયેલુ અને મને ચેકથી રૂા.૧,૮૫,૦૦૦/– નાણાં ચુકવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે મેં જે સમાધાનમાં સહી કરેલી તે વાંચી, સમજી, વિચારી, સાક્ષીઓની રૂબરૂમાં સહી કરેલી. એ વાત ખરી છે કે સમાધાન વખતે મેં મારા સ્વહસ્તાક્ષરમાં રાજીનામું લખી આપેલુ અને તેમાં મારી સહી કરી આપેલી. એ વાત ખરી છે કે સમાધાન સમયે અમારી વચ્ચે જે રકમ નકકી થયેલી તે મને ચુકવી આપવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આ સમાધાન પૂર્ણ થયા પછી મેં ફરીથી શ્રમઆયુકત સમક્ષ ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ મેં સામાવાળા નં.૩ ને ડીલીટ કરવાની અરજી આપેલી. એ વાત ખરી નથી કે તા.૩૦/૦૩/૨૦૨૧ ના રોજ મેં આપેલી અરજીના આધારે યસ સીક્યુરીટીનું નામ કમી કરી મદદનીશ શ્રમ આયુકતે પોતાના રોજકામમાં તેની નોંધ કરેલી અને તેમાં મેં સહી કરી આપેલ. એ વાત ખરી છે કે, આ ફરીયાદ પહેલાં જે ફરીયાદો કરેલી તેમાં સમાધાન થતાં મેં તે ફરીયાદ પરત ખેંચેલી.*'' આમ, ઉકત તમામ કબુલાતો ધ્યાને લેતાં એક હકીકત સ્પષ્ટ રીતે સાબીત થાય છે કે અરજદાર સામાવાળાનં.૩ ના કામદાર હતા, છુટા પણ તેમણેજ કરેલ છે, સામાધાન પણ તેમની સાથે થયેલ છે ૨૩ માસની કામગીરી બદલ રૂા.૧,૮૫,૦૦૦/– પણ મળી ગયેલા છે. સમાધાન પણ સમજી વિચારીને જાતે કરેલ છે સાક્ષીઓની રૂબરૂમાં સહી કરી આપેલ છે. રાજીનામું પણ સ્વહસ્તાક્ષરમાં લખી આપીને સહી કરી આપેલ છે. સમાધાન મુજબની રકમ પણ મળી ગયેલ છે. સમાધાન થઈ ગયા બાદ ફરીવાર શ્રમ આયુકતશ્રી સમક્ષ ફરીયાદ કરેલ છે. આમ, હાલના અરજદારે સદંતર જુઠ્ઠી હકીકતો બેઠી કરી એક માત્ર પૈસા પડાવવાના બદ ઈરાદાથી સામાવાળા સામે હાલની સદંતર ખોટી ફરીયાદ કરેલ છે.

**(૧૩.૨.૪)** કન્સીલીએશન પ્રક્રિયામાંથી રીફર કરવામાં આવેલ રેફરન્સ સાથેનાં પેપર્સ વંચાણે લેતાં હાલના અરજદારે તા.૬/૧/૨૦૨૧ નારોજ અન્ય એક લખાણ આપેલ છે જે મુજબ ત્રીજા પેરામાં જણાવેલ છે કે, ''*વધુમાં મારે યશ સીકયુરીટી કે એફકોન ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ, અમદાવાદ પાસેથી કોઈપણ પ્રકારનું લેણું બાકી રહેતુ નથી જે હું લેખીતમાં આપ સાહેબશ્રીને જણાવુ છું.*'' સદર પત્રની નીચે હાલના અરજદારની સહી તથા તારીખ નાંખવામાં આવેલ છે સદર પત્રને કન્સીલીએશનની કાર્યવાહી દરમ્યાન ક્રમ નં. ૩૧ આપવામાં આવેલ છે. આમ છતાં મદદનશી શ્રચ આયુકત ધ્વારા હાલનો રેફરન્સ સામાવાળા નં.૧ તથા ૩ સામે ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલત સમક્ષ યાંત્રિક રીતે રીફર કરવામાં આવેલ છે.

**(૧૩.૨.૫)** વધુમાં અરજદારે ઉલટ તપાસ દરમ્યાન સોગંદ ઉપર ''*એ વાત ખરી નથી કે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ મેં સામાવાળા નં.૩ ને ડીલીટ કરવાની અરજી આપેલી. એ વાત ખરી નથી કે તા.૩૦/૦૩/૨૦૨૧ ના રોજ મેં આપેલી અરજીના આધારે યસ સીકયુરીટીનું નામ કમી કરી મદદનીશ શ્રમ આયુકતે પોતાના રોજકામમાં તેની નોંધ કરેલી અને તેમાં મેં સહી કરી આપેલ.*'' એ મુજબના ખોટા કથન કરેલ હોવાનું પણ સ્પષ્ટ સાબીત થાય છે. કારણ કે આંક-૧ થી રજુ કન્સીલીએશન સાથેના દસ્તાવેજો વંચાણે લેતાં હાલનાં અરજદારે શ્રમ ભવન ખાનપુર ખાતે સામાવાળા નં.૩ ને ડીલીટ કરવાની આપેલ અરજી સામેલ છે તેમજ તે અંગેની નોંધ પણ રોજકામમાં કરવામાં આવેલ છે અને સામાવાળા નં.૩ નું નામ કમી કરવાની અરજી ગ્રાહય રાખવામાં આવેલ છે અને નીચે મદદનીશ શ્રમ આયુકત તેમજ અરજદારની સહી કરી તારીખ પણ નાંખવામાં આવેલ છે.

**(૧૩.૨.૬)** વિશેષમાં સદર રેફરન્સના કામે અરજદારની તમામ સહીઓનું અવલોકન કરતાં તમામ સહીઓ એક બીજાને સ્પષ્ટ રીતે પ્રથમ દર્શનીય રીતે મળતી આવે છે. અરજદારે કદાપિ સહી પોતાની નથી એવા કથનો કરેલા નથી કે સહી કર્યા અંગે ઈન્કાર કરેલો નથી. આમ, હાલનો રેફરન્સ સદંતર ખોટી હકીકતો બેઠી કરીને કરવામાં આવેલ છે તેમજ મદદનીશ શ્રમ આયુકત ધ્વારા પણ માઈન્ડ એપ્લાય કર્યા વિના ન્યાય નિર્ણય અર્થે રીફર કરવામાં આવેલ છે. પરીણામે

સામાવાળાઓએ અત્યંત બીન જરૂરી રીતે ચાર વર્ષ સુધી ન્યાયિક પ્રક્રિયામાંથી પસાર થવુ પડેલ છે.

**(૧૩.૨.૭)** અરજદાર તરફે તેમના સમર્થનમાં આંક–૧૯ થી સાહેદ તરીકે ઐયુબખા અસગરખા પઠાણને તપાસવામાં આવેલ છે જેમણે અરજદારની હકીકતને સમર્થન આપતી જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે પરંતુ ઉલટ તપાસ દરમ્યાન ''*કિરીટભાઈએ સંસ્થા સાથે સમાધાન કરેલુ તે અંગે મને માહિતી છે. એ વાત ખરી છે કે, સમાધાન થયા બાદ નોકરી કરેલ નથી.*'' એવું કબુલ રાખેલ છે તેમજ ''*એ વાત ખરી છે કે અમો કિરીટભાઈના કહેવાથી જુબાની આપવા આવેલા છીએ. ઓકટોબર, ૨૦૨૦ પછી કિરીટભાઈએ સંસ્થામાં કામ કર્યું હોય તેવો કોઈ લેખીત પુરાવો અમારી પાસે નથી.*'' એવુ પણ કબુલ રાખેલ છે. આમ, જો અરજદારના સાહેદ એવુ જણાવતા હોય કે અરજદારે સંસ્થા સાથે સમાધાન કરેલુ અને સમાધાન બાદ નોકરી કરેલ નથી તો પછી અરજદારને સામાવાળાએ તા.૯/૧/૨૦૨૧ ના રોજ છુટા કરવાનો પ્રશ્નજ ઉપસ્થિત થતો નથી.

સદર રેફરન્સના નિર્ણય માટે ઉકત બાબતો પુરતી અને પર્યાપ્ત છે. પક્ષકારો વચ્ચે કામદાર માલીકનો સંબંધજ પ્રસ્થાપિત થતો ન હોય તો પછી અગાઉના પાસાઓની ચકાસણી કરવાનો પ્રશ્નજ ઉપસ્થિત થતો નથી તેમ કરવુ સમયના દુર્વ્યય સમાન હોય ચર્ચા ટાળવામાં આવે છે

આમ, ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને પક્ષકારો વચ્ચે કામદાર–માલીકના સંબંધો પ્રસ્થાપિત થતા ન હોય તેમજ સમગ્ર રેફરન્સ સદંતર જુઠ્ઠી હકીકતો ઉપર ખોટી રીતે ઉભો કરવામાં આવેલ હોય મુદ્દા નં.(૧) તથા મુદ્દા નં.(૨) નો જવાબ તે રીતે નકારમાં આપવામાં આવે છે. અને તે સંજોગોમાં મુદ્દા નં.(૩) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદારનો હાલનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારે ત્રણેય સામાવાળાઓને વળતર રૂપી ખર્ચનાં વ્યકિતગ રીતે રૂા.૩,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ હજાર પ્રમાણે) કુલ રૂા.૯,૦૦૦/- (અંકે રૂપીયા નવ હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) એવોર્ડ પ્રસિધ્ધ થયેથી રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત (પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ-૩૨ મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

તારીખ : ૨૭/૦૩/૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

**પ્રદીપકુમાર વસંતલાલ ધીમર**
પ્રમુખ અધિકારી,
લેબર કોર્ટ નં.૫, અમદાવાદ
જજકોડ:જીજે૦૧૪૮૮.